અનુસૂચિત જાતિના ઇસમોને મરણોત્તર ક્રિયા
માટે નાણાંકીય સહાય આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: પરચ- ૧૦૨૦૦૬- ન.બા. ૨૪ - ગ
સચિવાલય, ગાંધીનગર
તારીખ :- 23/3/2007

વંચાણમાં લીધા :-

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૧૦-૧૧-૨૦૦૦ નો ઠરાવ ક્રમાંક: પરચ -૧૦૯૯-ન.બા.-૩૩-ગ

ઠરાવ :-

આમુખમાં દર્શાવેલ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તારીખ ૧૦-૧૧-૨૦૦૦ ના ઠરાવથી અનુસૂચિત જાતિના કુટુંબમાં મૃત્યુના પ્રસંગે મૃતકના પાર્થિવદેહની અંત્યેષ્ટિ માટે / મરણોત્તર ક્રિયા માટે નાણાંકીય સહાય આપવાની યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. વર્તમાન સંજોગોને ધ્યાનમાં લેતાં અનુસૂચિત જાતિના ઇસમોને મરણોત્તર ક્રિયા માટે આપવામાં આવતી સહાયમાં વધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે અનુસૂચિત જાતિના ઇસમોને અંત્યેષ્ટિ માટે આપવામાં આવતી રૂ. ૧,૦૦૦/- સહાયમાં વધારો કરી રૂ. ૨,૫૦૦/- ની સહાય નીચે જણાવેલ શરતોને આધીન આપવાની વહીવટી મંજુરી આપવામાં આવે છે.

શરતો :-

(૧) આ યોજનાનો અમલ તા. ૧-૪-૨૦૦૭ થી કરવાનો રહેશે.

(૨) સને ૨૦૦૭-૨૦૦૮ ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

( પા...

(૩) જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

(૪) આ અંગેનું ખર્ચ સરકારશ્રી ધ્વારા વખતો વખત નકકી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારા ધોરણેને આધિન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૫) આ યોજનાની અન્ય શરતો યથાવત રહેશે.

આ અંગેનો ખર્ચ સને ૨૦૦૭-૨૦૦૮ ના અંદાજપત્રમાં થયેલ જોગવાઇના નીચે દર્શાવેલ બજેટ સદર હેઠળ ઉધારવાનો રહેશે.

મુખ્ય સદર : ૨૨૨૫- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: (૦૧) અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર : ૦૦૧- નિર્દેશ અને વહીવટી, પેટા સદર : (૦૮) બીસીકે- ૬૨, બીજરૂપ અંદાજપત્ર અનુસૂચિત જાતિના લોકોને અંત્યેષ્ટિ માટે નાણાંકીય સહાય .

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અગ્ર-સચિવશ્રી ( ખર્ચ) નાણા વિભાગની તા. ૨૧-૩-૨૦૦૭ ના રોજ મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવ. છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( શ્રીમતિ એસ.આર. ભુરિયા )
ઉપ સચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

- મા. મંત્રીશ્રી, ( સા.ન્યા.) ના અંગત સચિવ, સચિવાલય , ગાંધીનગર
- મા. રા.ક.મંત્રીશ્રી, ( સા.શૈ.પ.વ.) ના અંગત સચિવ,સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતું, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સર્વે કલેકટરશ્રીઓ.
- સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- સર્વે જીલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રી.
- સર્વે જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી ( પંચાયત )
- વિકાસ કમિશ્નરશ્રી
- નિયામકશ્રી, નગરપાલિકા ગાંધીનગર.
- મહેસુલ વિભાગ સચિવાલય ગાંધીનગર

- શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- પંચાયત, ગ્રામ્ય ગૃહ નિર્માણ અને ગ્રા.વિકાસ વિભાગ,સચિવાલય,ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજય , અમદાવાદ / રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણા શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ. સચિવાલય, ગાંધીનગર
- નાયબ સેકશન અધિકારીની અંગત ફાઇલ.
- સિલેકટ ફાઇલ.

નં.અજાક/મ/ગ/૨૦૦૭/ ૫૩૬૦ ફાઇલ નં ૧
નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ
૪-૨, ડૉ.જીવરાજ મહેતા ભવન
ગુજરાત રાજય ,ગાંધીનગર
તારીખ:૨૯/૩/ ૨૦૦૭

પ્રતિ.
જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી
...........
જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી
...........

(સહી)
નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
ગુજરાત રાજય,ગાંધીનગર

રવાના કર્યું